ઈરાન દ્વારા હોર્મુઝમાં ભારતના જહાજોને મુક્ત અવરજવરની મંજૂરી

દવાઓની આયાત ચાલુ રાખવા અને રાજકીય સમર્થનને ધ્યાનમાં રાખીને ભારત, ચીન, ઈરાક અને કતારને અપાઈ છૂટ

દુબઈ, તા. 4 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને દરિયાઈ માર્ગો પર સતત થતા હુમલાઓ વચ્ચે ઈરાને એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઈરાને ભારત અને ચીન સહિત ચાર દેશોના વેપારી જહાજોને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ)માં લાગુ કરાયેલા ટ્રાન્ઝિટ નિયંત્રણોમાંથી મુક્તિ આપી છે. ઈરાનની સંસદની નેશનલ સિક્યુરિટી એન્ડ ફોરેન પોલિસી કમિટીના ડેપ્યુટી ચેરમેન આમિર હયાત મોગદામના જણાવ્યા મુજબ, ઈરાને ભારત, ચીન, ઈરાક અને કતારના જહાજોને મુક્ત અવરજવર માટે છૂટછાટ આપી છે. આ નિર્ણય પાછળ ચોક્કસ પરસ્પર હિતો જવાબદાર છે. ભારત માટે આ મુક્તિ એટલા માટે આપવામાં આવી છે જેથી ભારતમાંથી દવાઓની આયાત ચાલુ રાખી શકાય, જ્યારે ચીનને બીજિંગના રાજકીય સમર્થનના કારણે છૂટ આપવામાં આવી છે.

ઈરાનની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ કમિટીના ડેપ્યુટી ચેરમેન આમિર હયાત મોગદામે મંગળવારે આ જાહેરાત કરી હતી.

5 ભારતીય-અમેરિકનો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ચૂંટાયા

અમેરિકી મિડટર્મમાં ‘સમોસા કેબિનેટ’નો વિજય ડંકો:અરુણા મિલરનો ફરી ભવ્ય વિજય

ગુજરાતી મૂળના અમી બેરાની આઠમી જીત, ફ્લોરિડાથી પ્રિયા દંડિયાની સરપ્રાઈઝ એન્ટ્રી: મેરીલેન્ડમાં અરુણા મિલર ફરી લેફ્ટનન્ટ ગવર્નર બન્યા



(ડાબેથી જમણે):ભારતીય મૂળના ઉમેદવારો પિયા દંડિયા, પ્રમિલા જયપાલ, અમી બેરા, વિવેક રામાસ્વામી અને મહેશ ગણૌરકર.

વોશિંગ્ટન: અમેરિકી મિડટર્મ ચૂંટણીના તાજેતરમાં જાહેર થયેલા પરિણામોમાં ભારતીય-અમેરિકન નેતાઓએ પોતાનો દબદબો બરાબરનો જાળવી રાખ્યો છે. યુ.એસ. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (સંસદના નીચલા ગૃહ)માં અત્યાર સુધીમાં 5 ભારતીય-અમેરિકનો વિજેતા બન્યા છે, જ્યારે મેરીલેન્ડના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે અરુણા મિલરે સતત બીજી મુદત જીતીને ઈતિહાસ દોહરાવ્યો છે.

વિજેતા ભારતીય-અમેરિકન સાંસદો

અમી બેરા (કેલિફોર્નિયા - ડિસ્ટ્રિક્ટ 3): 61 વર્ષીય તબીબમાંથી નેતા બનેલા અમી બેરા સતત આઠમી વખત સંસદમાં ચૂંટાયા છે. લોસ એન્જિલસમાં જન્મેલા અમી બેરાના માતા-પિતા મૂળ ગુજરાતના છે. તેઓ હાઉસ ફોરેન અફેર્સ અને ઈન્ટેલિજન્સ કમિટીના મહત્વના સભ્ય છે.

પિયા દંડિયા (ફ્લોરિડા - ડિસ્ટ્રિક્ટ 22): શિક્ષણ ક્ષેત્રે અનોખું પ્રદાન આપનાર પિયા દંડિયાએ રિપબ્લિકન ઉમેદવાર કેસી અસ્કારને હરાવીને સંસદમાં નવી એન્ટ્રી કરી છે. હાર્લેમ (ન્યૂયોર્ક)માં સ્કૂલ પ્રિન્સિપાલ, વ્હાઈટ હાઉસ ફેલો અને એપ્પલ (Apple)માં કામ કરી ચૂકેલા દંડિયાના માતા-પિતા મૂળ રાજસ્થાનથી અમેરિકા વસ્યા હતા.

સુહાસ સુબ્રમણ્યમ (વર્જિનિયા - ડિસ્ટ્રિક્ટ 10): 40 વર્ષીય વકીલ અને ટેક-ઉદ્યોગસાહસિક સુહાસે સતત બીજી વખત આ બેઠક પર કબ્જો જાળવી રાખ્યો છે. તેઓ અગાઉ બરાક ઓબામા પ્રશાસનમાં ટેકનોલોજી નીતિ સલાહકાર રહી ચૂક્યા છે અને પોતાના વિસ્તારમાં વોલન્ટિયર ફાયરફાઈટર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

રો ખન્ના (કેલિફોર્નિયા - ડિસ્ટ્રિક્ટ 17): સિલિકોન વેલીનું પ્રતિનિધિત્વ કરતા 50 વર્ષીય ડેમોક્રેટ નેતા રો ખન્ના ફરી એકવાર વિજેતા બન્યા છે. ભારતના સ્વાતંત્ર્ય સેનાની અમરનાથ વિદ્યાલંકારના પૌત્ર રો ખન્ના કોંગ્રેસનલ પ્રોગ્રેસિવ કોકસના વાઈસ ચેર પણ છે.

પ્રમિલા જયપાલ (વોશિંગ્ટન - ડિસ્ટ્રિક્ટ 7): ચેન્નઈમાં જન્મેલા 59 વર્ષીય પ્રમિલા જયપાલ સીએટલ વિસ્તારમાંથી ફરી ચૂંટાયા છે. અમેરિકી હાઉસમાં ચૂંટાયેલા પ્રથમ દક્ષિણ એશિયાઈ મહિલા સાંસદ તરીકે તેઓ ઈમિગ્રેશન અને આર્થિક અસમાનતા જેવા મુદ્દાઓ પર અગ્રેસર રહ્યા છે.

રાજ્ય કક્ષાએ મોટો વિજય

અરુણા મિલર (લેફ્ટનન્ટ ગવર્નર - મેરીલેન્ડ): આંધ્રપ્રદેશમાં જન્મેલા 61 વર્ષીય સિવિલ એન્જિનિયર અરુણા મિલર ગવર્નર વેસ મૂરે સાથે ફરી એકવાર મેરીલેન્ડના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેઓ આ રાજ્યમાં કોઈ ઉચ્ચ પદ પર ચૂંટાયેલા પ્રથમ અશ્વેત/ઈમિગ્રન્ટ મહિલા છે.

યુ.એસ. કોંગ્રેસ (સંસદ) બાદ હવે વિવિધ રાજ્યોની વિધાનસભાઓ અને સ્ટેટ સેનેટમાં પણ ભારતીય-અમેરિકન નેતાઓએ જીતનો ડંકો વગાડ્યો છે. અનેક રાજ્યોમાં તેમણે નિર્ણાયક વિજય મેળવીને ઈતિહાસ રચી દીધો છે:

સ્પીકર પદની રેસમાં રંજીવ પુરી (મિશિગન): મિશિગન હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટ રંજીવ પુરીએ ભવ્ય જીત મેળવી છે. તેઓ હવે મિશિગન હાઉસના પ્રથમ ભારતીય-અમેરિકન સ્પીકર બનવાની રેસમાં સૌથી આગળ ચાલી રહ્યા છે.

૬૦ વર્ષ પછી ઈતિહાસ: પ્રિયા સુંદરશેન (એરિઝોના): એરિઝોના સ્ટેટ સેનેટમાં ૬૦ વર્ષ પછી ડેમોક્રેટ્સે બહુમતી મેળવી છે. સેનેટ ડિસ્ટ્રિક્ટ 18માંથી જીતેલા પ્રિયા સુંદરશેનને એરિઝોના સ્ટેટ સેનેટના આગામી પ્રેસિડેન્ટ તરીકે જાહેર કરાયા છે.

ન્યૂયોર્કમાં બે મોટી ભારતીય જીત

લિસા કૌલ: ન્યૂયોર્ક સ્ટેટ સેનેટ (ડિસ્ટ્રિક્ટ 39) બેઠક રિપબ્લિકન પાસેથી આંચકીને મોટી જીત મેળવી.

જેરેમી કુની: કોલકાતાના અનાથાશ્રમમાંથી દત્તક લેવાયેલા અને ન્યૂયોર્કમાં ઉછરેલા જેરેમી કુની સતત ચોથી મુદત માટે સ્ટેટ સેનેટર તરીકે ચૂંટાયા છે.

ટેક્સાસ અને જોર્જિયામાં પ્રથમ વખત ઐતિહાસિક એન્ટ્રી:

પૂજા સેઠી (ટેક્સાસ): ટેક્સાસ સ્ટેટ હાઉસ (ડિસ્ટ્રિક્ટ 47) જીતીને રાજ્યની ધારાસભામાં પહોંચનારા દેશના પ્રથમ ભારતીય-અમેરિકન બન્યા છે.

જ્યોત સિંહ (જોર્જિયા): જોર્જિયા રાજ્યની ધારાસભામાં ચૂંટાનારા પ્રથમ ભારતીય-અમેરિકન અને પ્રથમ શિખ-અમેરિકન નેતા બન્યા છે.

ઈલિનોઈસમાં બે વિજય

નબીલા સૈયદ: ઈલિનોઈસ સ્ટેટ સેનેટ (ડિસ્ટ્રિક્ટ 26)માં રિપબ્લિકન બેઠક પર 57% મતો સાથે શાનદાર વિજય મેળવ્યો.

સબા હૈદર: મૂળ ભારતના સબા હૈદરે ઈલિનોઈસ સ્ટેટ હાઉસ (ડિસ્ટ્રિક્ટ 84)માં જીત દર્જ કરી.

અન્ય મહત્વના સ્ટેટ સેનેટ અને હાઉસ વિજેતાઓ:

ક્રિશ સુબ્રમણ્યમ (મિનેસોટા): બાળરોગ નિષ્ણાત અને એર નેશનલ ગાર્ડના ફ્લાઈટ સર્જન ક્રિશ સુબ્રમણ્યમ મિનેસોટા સેનેટમાં ચૂંટાયા.

અમર મુકુંદા (મેરીલેન્ડ): પૂર્વ સૈન્ય અધિકારી અને એન્જિનિયર અમર મુકુંદા મેરીલેન્ડ સ્ટેટ સેનેટમાં બિનહરીફ ચૂંટાયા.

કેશા રામ હિંસડેલ અને નિખિલ ગોયલ (વર્મોન્ટ): હિન્દુ-જ્યુઈશ પૃષ્ઠભૂમિ ધરાવતા કેશા રામ અને ડેમોક્રેટ નિખિલ ગોયલે વર્મોન્ટ સ્ટેટ સેનેટમાં વિજય મેળવ્યો.

ડો. અરવિંદ વેંકટ (પેન્સિલવેનિયા): પેન્સિલવેનિયા સ્ટેટ હાઉસમાં ફરી ચૂંટાયા.

જય ચૌધરી (નોર્થ કેરોલિના): સેનેટ ડેમોક્રેટિક વ્હિપ જય ચૌધરી નોર્થ કેરોલિના સેનેટમાં પુનઃ ચૂંટાયા.

ટ્રમ્પના સમર્થન છતાં વિવેક રામાસ્વામી ઓહાયો ગવર્નરની ચૂંટણી હારી ગયા

વોશિંગ્ટન, તા. 4 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થનથી મેદાનમાં ઉતરેલા ભારતીય-અમેરિકન વિવેક રામાસ્વામી ઓહાયોના ગવર્નર પદની ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીના એમી એક્ટન સામે પરાજય પામ્યા છે. 60 વર્ષીય એમી એક્ટન રાજ્યના પ્રથમ મહિલા ગવર્નર બન્યા છે, જેમણે 51 ટકાથી વધુ મત મેળવ્યા હતા જ્યારે 41 વર્ષીય રામાસ્વામીને 45 ટકાથી વધુ મત મળ્યા હતા. હાર સ્વીકારતા રામાસ્વામીએ વિજેતા એમી એક્ટનની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. આ ચૂંટણીમાં અબજોપતિ રામાસ્વામીએ પોતાની અંગત સંપત્તિમાંથી 3.6 કરોડ ડોલરથી વધુનું રોકાણ કર્યું હતું તેમજ એલોન મસ્ક અને જેફરી યાસ પાસેથી પણ લાખો ડોલરનું ભંડોળ મેળવ્યું હતું.

પેજ 3

રણબીર કપૂરની ફિલ્મ ‘રામાયણ’નું સ્પેશિયલ સ્ક્રીનિંગ




મુંબઈ, તા. 4: રણબીર કપૂર અને યશ સ્ટારર ફિલ્મ ‘રામાયણ’નું મુંબઈમાં સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજાયું હતું. થિયેટરોમાં ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં આયોજિત આ ઇવેન્ટમાં બોલિવૂડની ઘણી હસ્તીઓ સામેલ થઈ હતી. સ્ક્રીનિંગ દરમિયાન એક ખાસ ક્ષણ પણ જોવા મળી હતી. રવિ દુબેએ સની દેઓલના ચરણ સ્પર્શ કરીને તેમના આશીર્વાદ લીધા હતા. આ ખાસ સ્ક્રીનિંગમાં રણબીર કપૂર, તેમની પત્ની અને અભિનેત્રી આલિયા ભટ્ટ, સની દેઓલ, જેકી ભગનાની, રકુલ પ્રીત સિંહ, વિવેક ઓબેરોય, રવિ દુબે, સરગુન મહેતા, કાજલ અગ્રવાલ, લારા દત્તા ગ્રેસ, આશિષ ચંચલાનીની સાથે-સાથે ફિલ્મના નિર્દેશક નિતેશ તિવારી અને નિર્માતા નમિત મલ્હોત્રા ઉપસ્થિત રહ્યા હતા.

રમેશ તૌરાનીની દિવાળી પાર્ટીમાં બોલિવૂડ સ્ટાર્સની રોનક જામી



મુંબઈ, તા. 4: ફિલ્મ પ્રોડ્યુસર રમેશ તૌરાનીએ મંગળવારે મુંબઈમાં દિવાળી પાર્ટી હોસ્ટ કરી હતી. આ પાર્ટીમાં સલમાન ખાન, બોબી દેઓલ, રવીના ટંડન, શિલ્પા શેટ્ટી, આયુષ્માન ખુરાના અને ભૂમિ પેડનેકર સહિત અનેક સેલિબ્રિટીઝ સામેલ થયા હતા. સલમાને પાર્ટીમાં બ્લેક શર્ટ અને જીન્સ પહેર્યા હતા. પાર્ટીમાં સલમાનના પહોંચતા જ પેપરાઝીએ તેમને પોઝ આપવા માટે કહ્યું અને તેમનું નામ લઈને અવાજ લગાવવા લાગ્યા. આ દરમિયાન પેપરાઝી સતત ‘હેપી દિવાળી’ અને ‘લવ યુ ભાઈજાન’ કહેતા સંભળાયા. આના પર સલમાને પ્રતિક્રિયા આપતાં તેમને થમ્બ્સ અપ બતાવ્યો. ફિલ્મ પ્રોડ્યુસર રમેશ તૌરાની દર વર્ષે દિવાળી પાર્ટીનું આયોજન કરે છે. રમેશ પોતાના ભાઈ કુમાર એસ. તૌરાની સાથે મળીને ટિપ્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ ચલાવે છે.

સલમાને 11 વર્ષ પછી ‘તેરી સેક્સી બ્યૂટી’ ગીતથી પ્લેબેક સિંગિંગમાં કરી વાપસી



નવી દિલ્હી, તા. 4 (PTI): સલમાન ખાને અપૂર્વ લાખિયાની મિલિટ્રી ડ્રામા ફિલ્મ ‘માતૃભૂમિ: મે વોર રેસ્ટ ઇન પીસ’ના પોતાના નવા ગીત ‘તેરી સેક્સી બ્યૂટી’ દ્વારા 11 વર્ષ પછી પ્લેબેક સિંગિંગમાં વાપસી કરી છે. આ પેપી રોમેન્ટિક ગીતમાં સલમાનની સાથે અભિનેત્રી ચિત્રાંગદા સિંહ જોવા મળે છે અને તે બુધવારે રિલીઝ કરવામાં આવ્યું હતું. આ ગીતમાં હિમેશ રેશમિયાનું મ્યુઝિક છે, જેમાં સલમાન ખાન અને મુસ્કાન ગાયક છે તથા સાજિદ ખાન કંપોઝર અને ગીતકાર છે. સલમાને બુધવારે વહેલી સવારે પોતાના સોશિયલ મીડિયા પર આ કેપ્શન સાથે ગીત શેર કર્યું હતું: ‘‘ડિપાર્ચર ટાઇમ સવારે 5:12 ▯. ફ્લાઇટ ઓન ટાઇમ, 2 પેગ અંદર અને હું મારી સેક્સી બ્યૂટી સાથે ઉડાન ભરી રહ્યો છું. ખબર નથી ક્યાં લેન્ડ કરશે.’’

ગાયક વિશાલ મિશ્રાએ મુંબઈના અંધેરીમાં રૂ. 22.25 કરોડમાં ચાર ફ્લેટ ખરીદ્યા



મુંબઈ, તા. 4: ગાયક વિશાલ મિશ્રાએ અલી ફઝલ અને સુરભી જ્યોતિ અભિનીત તેમના સિંગલ ‘આજ ભી’થી ખ્યાતિ મેળવી હતી અને ત્યારથી સંગીતકાર માટે પાછા વળીને જોવાનો સમય આવ્યો નથી. વિશાલ વિશેના તાજા સમાચાર અહેવાલ મુજબ, સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવાયેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, તેમણે મુંબઈના ઉપનગરીય વિસ્તાર અંધેરીમાં રૂ. 22.25 કરોડમાં 4,052 ચોરસ ફૂટમાં ફેલાયેલી પ્રોપર્ટી ખરીદી છે. દસ્તાવેજો મુજબ, વિશાલ દ્વારા ખરીદવામાં આવેલા ચાર ફ્લેટ અંધેરી પશ્ચિમના ઓશિવરા, લોખંડવાલા કોમ્પ્લેક્સમાં આવેલી ઓબેરોય સ્કાય હાઇટ્સ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં છે. દસ્તાવેજો જણાવે છે કે ચાર ફ્લેટ ચાર અલગ-અલગ વિક્રેતાઓ પાસેથી ખરીદવામાં આવ્યા હતા અને આ પ્રોપર્ટીઝ માટેનો સોદો 26 ઓક્ટોબર, 2026ના રોજ રજિસ્ટર કરવામાં આવ્યો હતો.

‘બેબી ડોલ’ ફેમ કનિકા કપૂરના બીજા સંસારના તાર પણ તૂટ્યા



નવી દિલ્હી, તા. 4 (PTI) ‘બેબી ડોલ’, ‘લવલી’ અને ‘દા દા દસ્સે’ જેવા ગીતો માટે જાણીતી પ્લેબેક સિંગર કનિકા કપૂરે લગ્નના ચાર વર્ષ બાદ પતિ ગૌતમ હાથીરામાણીથી અલગ થવાની જાહેરાત કરી છે. 48 વર્ષીય ગાયિકાએ પોતાની ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર એક પોસ્ટ શેર કરીને આ સમાચાર આપ્યા હતા, જેમાં તેમણે જણાવ્યું હતું કે ખૂબ વિચારીને અને વિચાર-વિમર્શ કર્યા પછી આ અલગ થવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કનિકાએ કહ્યું, ‘પ્રિય મિત્રો અને પરિવારજનો, ખૂબ જ વિચાર-વિમર્શ કર્યા પછી મેં અને મારા પતિ એ અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે સાથે વિતાવેલા સમય માટે હું આભારી છું અને તેમના ભવિષ્ય માટે તેમને શુભેચ્છા પાઠવું છું.’ કનિકાએ વધુમાં ઉમેર્યું, ‘‘ અમારા આ મુશ્કેલ સમયમાં તમને બધાને ગોપનીયતા (પ્રાઈવસી)નું સન્માન કરવા વિનંતી કરું છું.’’ કનિકાના પ્રથમ લગ્ન બિઝનેસમેન રાજ ચાંદોક સાથે થયા હતા, જેમનાથી તેમને ત્રણ બાળકો છે - પુત્રીઓ અયાના અને સમારા અને પુત્ર યુવરાજ.

આંદોલન અને વિરોધ પ્રદર્શનની મોસમ છે, તમે પણ એ જ કરો: સીજેઆઈ

સંસદ અને વિધાનસભાની એસસી/એસટી અનામત બેઠકોમાં ફરજિયાત રોટેશનની માગ કરતી અરજી પર ભારતના ચીફ જસ્ટિસે રમૂજી પ્રતિક્રિયા આપી

તમે રોંગ નંબર લગાવ્યો, આ નિર્ણય અદાલત નહીં પણ સંસદના અધિકારક્ષેત્રમાં આવે છે: સુપ્રીમ

નવી દિલ્હી, તા. 4 (પીટીઆઈ): સંસદ અને રાજ્યોની વિધાસભાઓમાં અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) માટે અનામત રખાતી બેઠકોમાં ફરજિયાત રોટેશન (અનામત બેઠકોની બદલી) લાગુ કરવાની માગ કરતી અરજી પર વિચાર કરવાનો સુપ્રીમ કોર્ટે બુધવારે ઈનકાર કર્યો હતો. સુનાવણી દરમિયાન દેશના ચીફ જસ્ટિસ (સીજેઆઈ) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે આવી નીતિગત બાબતોનો નિર્ણય લેવાનું કામ ન્યાયતંત્રનું નથી પરંતુ સંસદનું છે. ત્યારબાદ હળવા અંદાજમાં અરજદાર પર કટાક્ષ કરતા સીજેઆઈ સૂર્યકાંતે કહ્યું કે, ‘તમે ખોટો નંબર લગાવી રહ્યા છો. આ દેશમાં હાલ ધરણા, હડતાળ અને વિરોધ પ્રદર્શનોની મોસમ ચાલી રહી છે. તમારે પણ એ જ કરવું જોઈએ અને સંસદ સુધી પહોંચવું જોઈએ.’ ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લાની કડીપુર વિધાનસભા બેઠકના મતદાર જગદીશ સિંહે આ અરજી કરી હતી.



ફ્લોરિડામાં 15થી 20 ઈંચ વરસાદથી તારાજી

ફ્લોરિડામાં 1000 વર્ષમાં એકવાર આવે તેવો ભારે વરસાદ છતાં શાળાઓ ચાલુ રખાતા વાલીઓમાં ભારે રોષ

વોશિંગ્ટન, તા. 4: અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાં વરસેલા ઐતિહાસિક અને ‘1000 વર્ષમાં એકવાર આવતા’ અતિભારે વરસાદે ભારે તારાજી સર્જી છે. આ ભયાનક સ્થિતિ વચ્ચે શાળા સંચાલકોની બેદરકારીના કારણે નાના બાળકોએ કમર સુધીના પૂરના પાણીમાંથી પસાર થવું પડ્યું હતું, જેના કારણે વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. પોર્ટ સેન્ટ લ્યુસી ખાતેથી સામે આવેલા ચોંકાવનારા દ્રશ્યોમાં સ્કૂલ બસમાંથી ઉતરેલા વિદ્યાર્થીઓ વિઝિબિલિટી વગર અને વીજળીના કડાકા-ભડાકા વચ્ચે પાણીમાં ગરકાવ રસ્તાઓ પરથી પસાર થઈને ઘરે જવા મજબૂર બન્યા હતા.

KALAMANDIR

આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ

22 KT 1,29,780/-

18 KT 1,06,150/- 14 KT 82,790/-

વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી

મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

વિવિધ એન્જીનિયરીંગ કામ

ઈ-ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ-બીઆરસી ૦૮૯ થી ૦૯૧ વર્ષ ૨૦૨૬-૨૭

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (WA/c.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે.

અનું. નં.	ટેન્ડર નં. અને કામનું નામ	કામની અંદાજીત પડતર (₹ માં)	જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં)
૦૧	DRM BRC 089 of 2026-27. વડોદરા ડિવિઝન : ગેરતપુર, સમલાયા, કનિજ, પાલેજ, મકરપુરા ખાતે દિવ્યાંગ માટે લિફ્ટ્સની જોગવાઈ.	૪,૨૬,૨૨,૫૧૧.૭૨	૮,૫૨,૫૦૦.૦૦
૦૨	DRM BRC 090 of 2026-27. DEN (પૂર્વ) BRC ના અધિકારક્ષેત્ર હેઠળ કોન્ટ્રાક્ટરના પોતાના PQRS પોર્ટલ સહિત થ્રુ સ્લીપર રિન્યુઅલ TSR (P) 47.02 TKMS અને અન્ય સહાયક ટ્રેક રિન્યુઅલ કામો.	૧૪,૮૩,૮૨,૩૬૬.૯૦	૨૯,૬૭,૭૦૦.૦૦
૦૩	DRM BRC 091 of 2026-27. અલીરાજપુર સ્ટેશન ખાતે ઓફિસો, સ્ટોર્સ, ક્વૉર્ટર્સ અને રેસ્ટ હાઉસનું પ્રસ્તાવિત બાંધકામ.	૭,૧૨,૪૦,૮૧૭.૭૮	૧૪,૨૪,૮૦૦.૦૦

ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: અનું. નં. ૧ અને ૩ માટે :- તા.૨૦-૧૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **અનું. નં. ૨ માટે :- તા.૨૩-૧૧-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે:** વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૪. BRC-294

અમને ફોલો કરો: DRMBRCWR ● drm_vadodara ● અમને લાઈક કરો: Western Railway Vadodara Division

બૈંક ઑફ़ बड़ौदा Bank of Baroda

છીપવાડ શાખા : ઘર નં.૮/૧૯૩૯, ગોવિંદજી મંદિર સામે, છીપવાડ, સુરત–૩૯૫૦૦૨ email : chhipw@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ,૨૦૦૨ના [રૂલ ૮(૧)] હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૩.૦૭.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી જનકભાઈ કનુભાઈ સવસાવિયા (દેવાદાર અને ગીરવેદાર),** અને **શ્રીમતી રીનાબેન જનકભાઈ સવસાવિયા (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૩૦,૦૭,૯૦૩.૫૪/– (અંકે રૂપિયા ત્રીસ લાખ સાત હજાર નવસો ત્રણ અને ચોપ્પન પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચૂકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૦૨જી નવેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂ.૩૦,૦૭,૯૦૩.૫૪** વત્તા વ્યાજ અને તેના પરનું અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે ‘વિવેક રેસીડેન્સી’ ના ‘બી’ ટાવર ના ૬ઠ્ઠા માળ નો ફ્લેટ નં.૬૦૧ અને ૬૦૨ બિલ્ટઅપ એરિયા માપ ૭૯૮ ચો.ફુટ બરાબર ૭૪.૧૩.૬૬ ચો.મી અને ૬૪૫.૦૦ ચો.ફુટ બરાબર ૫૯.૯૨.૨૫ ચો.મી મુજબ, કુલ માપ ૧૩૪.૦૫૯૧ ચો.મી ના પ્રમાણસર વણવહેચાય હિસ્સા બાંધકામના જમીન નો બ્લોક નં.૨૪ (રેવન્યુ સર્વે નં.૧૮/૧) માપ ૩૪૪૦.૦૦ ચો.મી, ગામ. સણીયા હેમાદ, સબ ડિસ્ટ્રિક્ટ. તા.ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : જોડેનો ફ્લેટ નં.૬૦૩, **પશ્ચિમ તરફ** : જોડેની બિલ્ડીંગ નં.એ, **ઉત્તર તરફ** : જોડેનો પેસેજ અને લીફ્ટ, **દક્ષિણ તરફ** : જોડેનું પાર્કીંગ,

તા.૦૨.૧૧.૨૦૨૬ | સ્થળ : સુરત | અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, છીપવાડ શાખા.

જાહેર નિવિદા

આગામી ૧૫મી નવેમ્બર ૨૦૨૬ ના રોજ જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે સુરત જિલ્લાની આદિજાતિ વિસ્તારની ગ્રામ પંચાયતોમાં મુકવા માટે ભગવાન બિરસા મુંડાજીનો ફોટોગ્રાફ્સ બનાવવાના હોય રસ ધરાવતી એજન્સીઓએ ભગવાન બિરસા મુંડાનો સાઈઝ (૨૪x૧૮ ઈંચ) ના ફોટોગ્રાફ્સનો ભાવ દિન-૦૫ (પાંચ) માં નીચે દર્શાવેલ સરનામે સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

સરનામું:- પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિસ્તાર પ્રાયોજના કચેરી, માંડવી, જિ.સુરત - ૩૯૪૧૬૦

પ્રાયોજના વહીવટદાર ટ્રાયબલ સબ-પ્લાન, માંડવી જિ.સુરત

ક્રમાંકઃ માહિતી-સુરત/૮૪૨/૨૦૨૬

જાહેર નોટિસ

અત્રેથી GGST ACT-2017 અને CGST ACT-2017 ની કલમ 130 તથા કલમ 68(3) અન્વયે જાહેર કરવામાં આવે છે કે વાહન નં. GJ-07-YY-6723 તથા GJ-15-AV-1847 ને અટકાયત કરી ડીટેઈન કરવામાં આવેલ હતા. સદર વાહનો દ્વારા કરચોરીના ઇરાદાથી માલનું વહન કરવામાં આવેલ હોવાનું જણાતા, સદર કેસમાં ડિમાન્ડ ઓર્ડર (GST MOV-11) પસાર કરવામાં આવેલ. સદર વાહનો હાલમાં સોહમ પાર્કિંગ, કડોદરા, સુરત ખાતે છે. આ માલ GGST ACT 2017 અને CGST ACT 2017ની કલમ ૧૩૦ અન્વયે જપ્ત કરેલ છે આજ દિન સુધી કોઇ વ્યક્તિ/પેઢી/કંપની દ્વારા સદર જપ્ત વાહનો અંગે માલિકીનો દાવો કરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરેલ નથી. તેથી જે કોઇ વ્યક્તિ/પેઢી/કંપની સદર વાહનો ઉપર માલિકીનો હક અથવા દાવો ધરાવતી હોય તેઓએ આ જાહેરાત પ્રસિદ્ધ થયાના 7 (સાત) દિવસની અંદર વાહનની માલિકી અંગેના આધારભૂત પુરાવા સાથે નીચે સહી કરનાર સમક્ષ હાજર થઇ પોતાનો હક દાવો રજૂ કરવાનો રહેશે. જો આ જાહેરાત પ્રસિદ્ધ થયાના 7 (સાત) દિવસની અંદર સદર વાહન અંગે કોઇ હક દાવો કરવામાં નહીં આવે, તો GGST ACT-2017 અને CGST ACT-2017 ની કલમ 130(7) અન્વયે સદર જપ્ત વાહનોની જાહેર હરાજી (Public Auction) કરવાની આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવામાં આવશે તથા હરાજીથી પ્રાપ્ત થતી રકમ સરકારમાં જમા કરવામાં આવશે.

સ્થળઃ સુરત
તારીખઃ ૦૩/૧૧/૨૦૨૬

(વી.પી.મહેરીયા) રાજ્યવેરા અધિકારી(૨) સુરત મોબાઇલ સ્કવોડ, અન્વેષણ, વિભાગ-૭, સુરત. મો.નં 9998903052

ક્રમાંક . માહિતી-સુરત/૮૩૬/૨૦૨૬

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા सेन्ट्रल बैंक ऑफ इंडिया Central Bank of India

રીજનલ ઓફિસ : ૧લો માળ, નરીમાબાદ, અઠુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત–૩૯૫ ૦૦૧. ● ફોન : ૦૨૬૧–૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

ડિમાન્ડ નોટીસ

તા. ૨૨.૧૦.૨૦૨૬

૧) **શ્રી રાજેશભાઈ ચીમનલાલ સતીકુવર (કરજદાર)**
૨) **શ્રીમતી તેજલબેન રાજેશભાઈ સતીકુવર (સહ-કરજદાર)**
બધાનું સરનામું : પ્લોટ નં. ૬૮, સ્વામી રેસીડેન્સી, અનમોલ રેસીડેન્સીની સામે, અક્ષર રેસીડેન્સી પાસે, ઘલુડી–શેખપુર રોડ, ગામ–શેખપુર, તાલુકા–કામરેજ, જિ. સુરત.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ ૧૩(૨) નોટીસ

૧. અમે તમારી વિનંતી અનુસાર કુલ રકમ **રૂા. ૧૩,૦૦,૦૦૦/- (રૂા. તેર લાખ પુરા)** ની કેડીટની મર્યાદા સ્કીમ દ્વારા આપીએ છીએ. અને અમે અમારી **ઘોડ દોડ રોડ શાખા, સુરત** દ્વારા વિવિધ કેડીટની સુવિધાઓ આપેલ છે. જેની સંપૂર્ણ વિગતો નીચે પ્રમાણે છે. તમારી એવાઈડ લોનની રકમ શરતો મુજબ પાસ થયેલ.

૨. આપને જાણ કરવામાં આવે છે કે કુલ રકમ **રૂા. ૧૦,૮૩,૪૦૧.૧૭/- (રૂા. દસ લાખ ત્યાસી હજાર ચારસો એક અને સિત્તેર પૈસા પુરા) તા. ૨૨.૧૦.૨૦૨૬** થી ચડત વ્યાજ પર માસિક વ્યાજસાથે વસૂલીના તારીખ સુધી. આપને જાણ કરવામાં આવે છે કે રકમ **રૂા. ૧૦,૮૩,૪૦૧.૧૭/- (રૂા. દસ લાખ ત્યાસી હજાર ચારસો એક અને સિત્તેર પૈસા પુરા)** વધુ વ્યાજ સાથે, તે સ્પષ્ટ કરવામાં આવ્યું કે પેનલ વ્યાજનું મુડીકરણ કરવામાં આવ્યું નથી અને એન.પી.એ.ની તારીખ પછી જમા કરાવેલી રકમ વ્યાજ જોડીને ગણતરી કરી ચુકવવા પાત્ર રહેશે.

૩. અમે તમને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જારી બેંક / દિશાઓ અથવા દિશાનિર્દેશો માર્ગદર્શિકા / વાયોલેનશના નિયમો અને શરતો અનુસાર લોન **નોન પર્ફોર્મિંગ એસેટ્ તા. ૧૮.૧૦.૨૦૨૬** તરીકે લેણાની વર્ગીકૃત કરી છે. આપને બેંકના નાણાં ભરપાઈ કરવા વારંવાર ડીમાન્ડ નોટીસ દ્વારા અને મૌખિક વિનંતિઓ દ્વારા જાણ કરવામાં આવેલ છે, છતાં આજદિન સુધી આપે રકમ પરત કરેલ નથી.

૪. કરજદાર/જામીનદારને ઉપર જણાવેલ નામ વાળા વ્યક્તિએ રકમ ચુકવવમાં કસુરવાર થતી રકમ **રૂા. ૧૦,૮૩,૪૦૧.૧૭/- (રૂા. દસ લાખ ત્યાસી હજાર ચારસો એક અને સિત્તેર પૈસા પુરા)** તા. ૨૨.૧૦.૨૦૨૬ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ સાથે, રકમની ચુકવણી માટે ફરી વખત દરખાસ્ત કરી માંગ હોવા છતા. સરફેસી એક્ટ કલમ ૧૩ (૨) હેઠળ તેઓ માંગણીની રકમ **રૂા. ૧૦,૮૩,૪૦૧.૧૭/- (રૂા. દસ લાખ ત્યાસી હજાર ચારસો એક અને સિત્તેર પૈસા પુરા)** તા. ૨૨.૧૦.૨૦૨૬ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ રીતે ગણવામાં આવેલ હતા.

૫. આપને ખબર છે કે ઉપરોક્ત લીમીટ જે આપને આપેલ છે તે નીચે પ્રમાણે મુકરર અસ્ક્યામતોથી /જામીનગીરી થી સુરક્ષિત છે.

અનસુચિ-એ : મંજૂર અને ઉપલબ્ધ નાંણાકીય સુવિધાઓની વિગતો અને બાકી રકમની વિગતો

અ.નં.		
૧.	મંજૂર અને ઉપલબ્ધ નાંણાકીય સુવિધાઓનો પ્રકાર	PMAY EWS & LIG
૨.	મંજૂર કરાયેલ નાંણાકીય સુવિધાઓની રકમ	રૂા. ૧૩,૦૦,૦૦૦.૦૦
૩.	નોટીસની તારીખે બાકી રહેલ ખાતાવહી બેલેન્સની કુલ રકમ	રૂા. ૧૦,૫૪,૭૬૯.૧૭
૪.	ખાતાવહીમાં વ્યાજ વસૂલવાની રકમ	૩૦.૦૬.૨૦૨૬
૫.	ખાતાવહીમાં છેલ્લે વ્યાજ વસૂલવામાં આવ્યુ હતું તે તારીખ ૦૧.૦૭.૨૦૨૬ થી નોટિસની તારીખ સુધી, દંડ વ્યાજ સિવાય વ્યાજની રકમ, જો કોઈ હોય તો.	રૂા. ૨૮,૫૯૮.૦૦
૬.	કોલમ (૬)માં ગણતરી કરેલ રકમ ચડત વ્યાજના સમયગાળા સાથે વ્યાજ દર	૮.૬૫%
૭.	નોટીસની તારીખ સુધી, દંડ વ્યાજ છેલ્લે વસૂલવામાં આવ્યું હતું તે તારીખ થી ચડત વ્યાજ વિના વસૂલવામાં આવેલ દંડ વ્યાજની રકમ	૩૪.૦૦
૮.	કાયદા/મંજૂરીની શરતો અનુસાર આકસ્મિક ખર્ચ, ચાર્જ અને ખર્ચ, જો કોઈ હોય તો	૦.૦૦
૯.	નોટીસની તારીખ સુધી કુલ બાકી રકમ	રૂા. ૧૦,૮૩,૪૦૧.૧૭

સ્થાવર મિલકતનું વર્ણન

શ્રીમતી તેજલબેન રાજેશભાઈ સતીકુવર અને શ્રી રાજેશભાઈ ચીમનલાલ સતીકુવરની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૬૮, (કેજેપી મુજબ દુરષ્ટી પ્લોટ નં. ૧૭૪/૬૮), ક્ષેત્રફળ ૫૯.૧૩ સ્કે. યાર્ડ યાને કે ૪૯.૪૪ સ્કે.મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો ક્ષેત્રફળ ૨૮.૨૬ સ્કે.મીટર રોડ અને સીઓપી વાળી “સ્વામી રેસીડેન્સી”, જે જમીનનો આર.એસ. નં. ૧૮૯, બ્લોક નં. ૧૭૪, ક્ષેત્રફળ ૮૩૨૪ સ્કે.મીટર, ગામ–શેખપુર, તાલુકા–કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત. **ચતુરસીમા : ● પુર્વે :** સોસાયટીનો રસ્તો, **● પશ્ચિમે :** પ્લોટ નં. ૭૩, **● ઉત્તરે :** પ્લોટ નં. ૬૯, **● દક્ષિણે :** પ્લોટ નં. ૬૭.

૬. ઉપરોક્ત કારણોસર અમો આપને જણાવીએ છીએ કે **રૂા. ૧૦,૮૩,૪૦૧.૧૭/- (રૂા. દસ લાખ ત્યાસી હજાર ચારસો એક અને સિત્તેર પૈસા પુરા)** તા. ૨૨.૧૦.૨૦૨૬ ના રોજ થી વધુ વ્યાજ સાથે માસિક વ્યાજ રીતે ગણવામાં આવેલ હતા. આ જાહેર ખબરના ૬૦ દિવસની અંદર બેંકના બાકી લ્હેણાં સંપૂર્ણ ભરપાઈ કરી દેવાં એમાં કસુર થશે તો, મુકરર મિલકત ઉપર સરફેસી કાયદા ૨૦૦૨ની કલમ ૧૩(૪) અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે. સદરહુ કાયદાની કલમ ૧૩ હેઠળ આપવામાં આવેલ સત્તાઓ ૧) સદર મુકરર મિલકતનો કબજો લઈ લીઝ પર આપી, ટ્રાન્સફર કરી એસાઈન કરી અથવા વેચીને બેંકના નાણાં વસૂલ કરી શકે છે. ૨) ઉધારકર્તાનો ધંધો ટેકઓવર કરી ટ્રાન્સફર કરી લીઝ પર આપી એસાઈન કરી વેચી શકે છે. ૩) મુકરર મિલકત જેનો અમોએ (મુકરર લેણદાર)એ કબ્જો લીધેલ છે, તેના વહીવટ માટે મેનેજરની નીમણૂંક કરી શકે છે. જે સંપૂર્ણ હક્કો તેના મિલકતની તબદીલી તમોએ કરેલ છે એ પ્રમાણે કરી શકશે. ૪) લેખિતમાં નોટીસ આપીને જણાવી શકે છે કે કોઈપણ ઈસમ જેણે આપની કોઈપણ મુકરર મિલકત કબજે લીધેલ હોય અથવા કોઈપણ રકમ તમારી પાસે લ્હેણી નીકળવાની થતી હોય તે મુકરર લેણદારને આપી શકે જે સંપૂર્ણ દેવાં ભરપાઈ કરી શકવા સમર્થ હોય.

૭. ઉપરોક્ત સત્તાનો ઉપયોગ કરી મેળવેલ નાણાં સૌ પ્રથમ બધા ખર્ચાઓ, ચાર્જીસ અને ખર્ચા જે અમારા અભિપ્રાય પ્રમાણે અમોએ ખરેખર ખર્ચ કરેલ છે અથવા તેને લગતા આનુસંગિક ખર્ચાઓ બાદ કરીને પછી બેંકના ઉપરોક્ત બાકી લ્હેણાં આ નોટીસની તારીખથી નાણાં સંપૂર્ણ ભરપાઈ થાય ત્યાં સુધીના વ્યાજ સાથે અને પછી બાકી નીકળતાં જો હોય તો તે અન્ય વ્યક્તિ જે હકદાર છે તેને તેના હક્ક અને હિત પ્રમાણે અપાશે અને જો કોઈ હક્ક દાવા વાળી વ્યક્તિ નહી હોય તો ઉધારકર્તાને અપાશે.

૮. નોંધ લેશો કે તમો આ નોટીસ મળ્યા પછી આ નોટીસમાં જણાવેલ મુકરર મિલકત વેચાણથી ફેરબદલ ભાડેથી કે અન્ય કોઈપણ રીતે મુકરર લેણદારની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, આપનું ધ્યાન સરફેસી કાયદાની કલમ ૨૯ તરફ દોરવામાં આવે છે . જેમાં કાયદાનું પાલન નહીં કરવા બદલ ૧ વર્ષની જેલ અથવા દંડ અથવા બન્ને થઈ શકે છે.

૯. આપને જાણ કરવામાં આવે છે કે સરફેસી કાયદા ૨૦૦૨ મુજબ કાર્યવાહી કરી હોવા છતાં પણ અમો હક્કદારછીએ કે (૧) આપની સામે સમાંતર રીતે દાવા અરજી / કેસ કરી શકીએ છીએ અથવા ડી.આર.ટી / કોર્ટ જે હોય તેમાં જઈને બેંકના બાકી લ્હેણાં વસૂલ કરી શકીએ છીએ અથવા (૨) આપની સામે દાવા અરજી / કેસ કરીને કે ડી.આર.ટી. / કોર્ટમાં જઈને વ્યાજ સાથે વેચાણ કિંમતથી સંપૂર્ણ રકમ વસૂલ ન થાય ત્યાં સુધી જઈને વસૂલ કરી શકાશે. (૩) આપની સામે આપને કરેલ ગુના કે ભૂલ માટે કાયદાકીય રીતે ફોજદારી કાર્યવાહી કરી શકાશે.

૧૦. ઉધારકર્તાને ધ્યાનમાં પેટા કલમ(૮)ની સરફેસી એકટની કલમ ૧૩ની જોગવાઈ કરવા માટે આમંત્રિત કર્યા છે. ઉપલબ્ધ સમય બાબતમાં, સુરક્ષિત એસેટ્ રિડીમ કરવા માટે.

સહી/- ધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

સ્થળ : સુરત
તારીખ : ૨૨.૧૦.૨૦૨૬ (વિવાદીત સ્થિતીમાં અંગ્રેજીની માન્ય ગણાશે)